# પ્રાંતિજ તાલુકાની ૨૪ ગ્રામ પંચાયતોના પરિણામો જાહેર

**પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મલ્યા : ધડી ગામમાં એક મહિલા સભ્યનો એક મતથી વિજય થયો: ફુલહાર સાથે વિજેતા ઉમેદવારોનુ ઠેરઠેર ભવ્ય સ્વાગત : પરિણામો જાહેર થતા વિજેતા સરપંચોના ટેકેદારો એ ગુલાલ ઉડાડીને આનંદ વ્યક્ત કર્યો : પ્રાંતિજના છાદરડા ખાતે સરપંચનો સાત મતોથી વિજય : તંત્ર દ્વારા મતગણતરી માટે પુરતી વ્યવસ્થાને લઈને ગણતરીમાં સરળતા**







પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના ૨૪ ગ્રામ પંચાયતો ના ચુંટણી પરિણામો જાહેર થતા મત ગણતરી કેમ્પસ મા કહી ખુશી કહી ગમ ના દશ્યો જોવા મલ્યા હતા.

પ્રાંતિજ ગામ પંચાયતો ની ચુંટણીઓને લઈ ને માહોલ જામ્યો હતો તા.૧૯ મી ડિસેમ્બર ના રોજ ગ્રામ પંચાયતોની ચુંટણીઓ માટે મતદાન યોજાયુ હતુ જેમા પ્રાંતિજ તાલુકા ની કુલ ૨૭ ગ્રામ પંચાયતો માટે ચુંટણી યોજાઈ હતી જે પૈકી ઝાલાની મુવાડી પંચાયત સમરસ થઈ હતી તો અનવરપુરા અને કાલીપુરા પંચાયતો બિનહરીફ થઈ હતી તો ૨૪ ગ્રામ પંચાયતો ની ચુંટણી ૧૯।૧૨।૨૦૨૧ ને રવિવાર ના રોજ યોજાઈ હતી તો ૨૧।૧૨।૨૦૨૧ ને મંગળવાર ના રોજ પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ કેમ્પસ ખાતે મતગણતરી યોજાઈ હતી તો આવર્ષે ઈ.વી.એમ.મશીન ના બદલે બેલેટ પેપર થી મતદાન યોજાયુ હતુ તો મત ગણતરી શાંતિપૂર્ણ વાતાવરણ યોજાઈ તો વિજેતા બનેલ મહિલા સરપંચો મા વિશેષ આનંદ જોવા મળ્યો હતો તો કેમ્પસ બહાર વિજેતા ઉમેદવારો ના સમર્થકો દ્વારા ફુલહાર પહેરાવી ગુલાલ ઉડાડીને વિજેતા ઉમેદવારોને વધાવી લીધા હતા તો સાજે પાંચ વાગ્યા સુધી ૨૪ ગામ પંચાયત પૈકી ૧૯ ગામ પંચાયતો ના પરિણામો જાહેર થયા હતા અને હજુ પાંચ પંચાયતો ની મત ગણતરી ચાલુ રહી હતી.

### વિજેતા સરપંચ ઉમેદવારો

(૧) ઉષાબા કાળુસિંહ ઝાલા ગામ-અમરાપુર-૩૮૨ મત મલ્યા -૨૦૦ મતો થી વિજય
(૨) પટેલ નિપુલાબેન નૈલેષ કુમાર ગામ-અમીનપુર - ૭૪૧ મત મલ્યા - ૩ મતો થી વિજય
(૩) રમીલાબેન વિનોદભાઈ ચમાર ગામ આસરોડા- ૩૨૦ મત મલ્યા - ૫૫ મતથી વિજય
(૪) પ્રવિણ કુમાર હિરાભાઈ પરમાર ગામ- ઓરાણ - ૬૫૬ મત મલ્યા - ૬૯ મત થી વિજય
(૫) ઉષાબા દલપત સિંહ મકવાણા ગામ - કાટવાડ -૪૪૫ મત મલ્યા - ૫૧ મત થી વિજય
(૬) વિક્રમ સિંહ વદનસિંહ ઝાલા ગામ - કેશરપુરા - ૨૬૦ મત મલ્યા - ૫૮ મત થી વિજય
(૭) ધડકણ
(૮) સુથાર મંજુલાબેન વિષ્ણુભાઈ ગામ - ધડી ૧૨૭૫ મતો મલ્યા - ૮૧૭ મત થી વિજય
(૯) ધવલ કુમાર મોહનભાઈ પટેલ ગામ - છાદરડા - ૨૩૪ મત મલ્યા - ૩ મત થી વિજય
(૧૦) મંજુલાબેન રમેશભાઈ પટેલ ગામ - નિકોડીયા -૪૩૫ મત મલ્યા - ૭૧ મત થી વિજય
(૧૧) પલ્લાચર
(૧૨) મકવાણા સોમાજી રાંણાજી ગામ-પીલુદ્રા ૬૫૬ મત મલ્યા - ૧૩૦ મતો થી વિજય
(૧૩) પોગલુ
(૧૪) ભુપતસિંહ તખતસિંહ ચૌહાણ ગામ - પોયડા - ૮૯૮ મત મલ્યા - ૮ મતોથી વિજય
(૧૫) પ્રમિલાબેન અશોક કુમાર પટેલ ગામ ફતેપુર -૬૩૯ મત મલ્યા - ૫૪ મતો થી વિજય
(૧૬) જયાબેન અરવિંદ ભાઈ પટેલ ગામ - બાકરપુર -૩૨૦ મત મલ્યા - ૧૨૩ મતો થી વિજય
(૧૭) વર્ષાબેન મુકેશ કુમાર ચૌહાણ ગામ-મોયદ નાથાજી - ૫૮૩ મત મલ્યા - ૧૦૮ મતોથી વિજય
(૧૮) મોયદ રૂપાજી
(૧૯) કીતીબહેન ભરતસિંહ પરમાર ગામ - મૌછા -૪૬૫ મત મલ્યા - ૭૯ મતો થી વિજય
(૨૦) મનોજ કુમાર ચતુરભાઈ પટેલ ગામ - રાસલોડ - ૪૯૨ મત મલ્યા - ૨૩ મતો થી વિજય
(૨૧) કિરણબેન લાલાજી ચૌહાણ ગામ - રૂપપુરા - ૨૪૭ મત મલ્યા - ૨૭ મતો થી વિજય
(૨૨) વિન્યસિંહ ખુમાનસિંહ મકવાણા ગામ - વજાપુર - ૨૧૮ મત મલ્યા - ૪૫ મતો થી વિજય
(૨૩) સોનાસણ
(૨૪) જાકીરહુસેન નજર મહંમદ સંધિ ગામ- હડમતીયા - ૪૮૮ મત મલ્યા - ૩૦ મતો થી વિજય

## જન્મદિને વધામણી



મનિષાબેન યોગેશભાઈ શાહ
પ્રા.શિક્ષક વલ્લભનગર પ્રા.શાળા
સહજાનંદ સોસાયટી, બાયડ



દિપકભાઈ પટેલ
જે.બી. શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ મોડાસા
વસાદરા તા.બાયડ



વિપુલભાઈ શાહ
ધનસુરા જીલ્લો અરવલ્લી



ભવદીપ દીક્ષિત ભાઈ પટેલ
દખનેસ્વર તા બાયડ

# સરડોઈમાં નિવૃત્ત શિક્ષકની દાતારીથી ગ્રામજનો અભિભૂત

**હાઇસ્કુલ અને મંદિરના વિકાસ માટે રૂ.૨ લાખનું દાન આપતાં સન્માન**



સરડોઈ,તા.૨૧

મોડાસા તાલુકાના સરડોઈ માં નિવૃત્ત શિક્ષક લાલાભાઈ સોમાભાઈ રાઠોડ દ્વારા હાઈસ્કુલ તેમજ ચામુંડા ધામના વિકાસ માટે રૂ.૨ લાખનું માતબર દાન આપવામાં આવતા નિવૃત્ત શિક્ષકની દરિયાદિલી થી ગ્રામજનો અભિભૂત થયા છે.દાતા છેલ્લા ઘણા સમય થી હિંમતનગર રહેતા હોવા છતાં ગામ પ્રત્યેની તેમની લાગણી બતાવી યથાયોગ્ય રકમનું દાન આપવા બદલ ગ્રામજનો દ્વારા તેમનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાના સરડોઈ ગામની શૈક્ષણિક સંસ્થા શ્રી. એ.એમ શાહ હાઈસ્કુલ અને આસ્થાના પ્રતિક સમા ચામુંડા ધામના વિકાસ માટે પ્રયત્નો થઈ રહ્યા છે જેમાં ગ્રામજનોનો સમય સમયે યથોચિત ફાળો મળી રહ્યો છે. તાજેતમાંજ નિવૃત્ત શિક્ષક લાલાભાઈ રાઠોડે હાઈસ્કુલ ના વિકાસમાં રૂ.૧ લાખનું દાન આપ્યાં પછી ચામુંડા મંદિર ના વિકાસ માટે પણ વધુ રૂ.૧ લાખનું દાન આપી મિસાલ પૂરી પાડતા ચામુંડા સેવા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ ઈશ્વર ભાઈ ભાવસાર, પૂજારી અરૂણ ભાઈ ગોર,કેળવણી મંડળના પ્રમુખ કાંતિભાઈ સોની ,અરવિંદ ભાઈ આચાર્ય તેમજ ટ્રસ્ટી પરિવારના સભ્યો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું ઉલેખનીય છે કે ગામની વિવિધ સંસ્થાઓના વિકાસ માટે દાતાઓના મળતા સહયોગમાં વાલ્મીકિ સમાજ ના અગ્રણી અને નિવૃત્ત શિક્ષકે ઉદારતાથી દાન આપી અન્ય લોકો માટે સમરસતા નું ઉદાહરણ પુરૂ પાડયું છે.

# 'સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વેજીટેબલ' ખાતે અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ તાલીમ

બાયડ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને ખેતીની આધુનિક પધ્ધતીની તાલીમ અને નવી ખેત પધ્ધતીઓ દ્વારા સરળ અને સારૂ ખેત ઉત્પાદન મળી રહે તે હેતુથી સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વેજીટેબલ, વદરાડ, તા. પ્રાંતિજ સાબરકાંઠા ખાતે સ્થાપના કરવામાં આવી છે. આ સેન્ટર ખાતે "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ" યોજનાની તાલીમનું આયોજન નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સાબરકાંઠા દ્વારા યોજવામાં આવી હતી.



આ તાલીમમાં પ્રાંતિજ તાલુકાના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ બાગાયત નિયામકશ્રી ડી.એમ.પટેલ દ્વારા તાલીમાર્થીઓને કિચન ગાર્ડનીંગ, ફળ અને શાકભાજી પરીરક્ષણ, હાઈડ્રોપોનીક્સ તેમજ ઘર આંગણે ઉગાડતા શાકભાજી અને ફળ પાકોના ઉછેર તેમજ તેમાં આવતા રોગ અને જીવાતનું જૈવિક પધ્ધતિથી નિયંત્રણ બાબતની યોગ્ય સમજણ આપવામાં આવી. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શહેરી વિસ્તારમાં લોકોને રોગ-જીવાત મુક્ત ફળ અને શાકભાજી મળી રહે તેવો છે. આ તાલીમમાં સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વેજીટેબલના શ્રી નિલેષભાઈ પટેલ અને અન્ય કર્મીઓ હાજર રહ્યા હતા.

**બનાસકાંઠામાં તાપમાનનો પારો ગગડયોઃ બે દિવસમાં ૮ ડીગ્રીનો ઘટાડો.....**

# ઉત્તર ભારતમાં હિમવર્ષા : હાડથીજવતી ઠંડીના કારણે સાંજ પડતાં જ લોકો ઘરમાં પુરાઈ જતા કરફ્યું જેવો માહોલ

પાલનપુર તા.૨૧

ઉત્તર પૂર્વીય પવનો અને ઉત્તર ભારતમાં ભારે હિમવર્ષાને પગલે બનાસકાંઠા જિલ્લામાં પણ તાપમાનનો પારો ગગડી ગયો છે. જ્યારે હવામાન વિભાગ દ્વારા કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી હતી.



હવામાન વિભાગ માટે કામ કરતી એક્યુ વેધરના જણાવ્યાનુંસાર ડીસામાં ૭.૮ ડીગ્રી, પાલનપુરમાં ૯.૦ ડીગ્રી, વાવમાં ૭.૦ ડીગ્રી, થરાદમાં ૭.૦ ડીગ્રી, ભાભરમાં ૧૩.૦ ડીગ્રી, અમીરગઢમાં ૭.૦ ડીગ્રી, અંબાજીમાં ૬.૦ ડીગ્રી, આબુરોડ ૭.૦ ડીગ્રી, ઈડરમાં ૭.૦ ડીગ્રી, મહેસાણામાં ૯.૦ ડીગ્રી, ઉંઝામાં ૯.૦ ડીગ્રી, સિધ્ધપુરમાં ૯.૦ ડીગ્રી, પાટણમાં ૯.૦ ડીગ્રી, મોડાસામાં ૧૦.૦ ડીગ્રી, હિંમતનગરમાં ૯.૦ ડીગ્રી, ખેડબ્રહ્મામાં ૭.૦ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.ડીસા સહિત સમગ્ર રાજ્યમાં ધીમે ધીમે ઠંડી પોતાનું જોર પકડી રહી છે. શિયાળાની ધીમી શરૃઆત બાદ ઠંડીએ જોર પકડયું છે. તેમાં પણ છેલ્લા ચારેક દિવસ દરમિયાન વાતાવરણ પલટાયું છે અને ગુરુવાર બાદ રવિવાર સુધીમાં ઠંડીમાં ૬ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. જેને લઈ સમગ્ર પંથક ઠંડીમાં ઠુંઠવાયો છે. સાંજ પડતાની સાથે ઠંડા પવનો ફૂંકાતા લોકો ઘરમાં ભરાઈ જતા કરફ્યુ જેવો માહોલ સર્જાઈ જાય છે. જોકે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસમાં કોલ્ડવેવની પણ આગાહી કરવામાં આવી છે.

### હજુ પણ ૪૮ કલાક સુધી ઠંડીનો ચમકારો યથાવત રહેવાની આગાહી

આ બાબતે હવામાન કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી ૪૮ કલાક સુધી ૧૯-૨૦ ડિસેમ્બર ૨૦૨૧ ના બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડવેવની આગાહી આપવામાં આવી છે. તેમજ આગામી ૪૮ કલાક દરમિયાન મિનિમમ તાપમાનમાં ઘટાડો થશે. ઠંડા પવનો ફૂંકાવાને કારણે ઠંડી વધારે લાગશે. આ સમયમાં શરીરને ગરમ રાખવાના ઉપાયો કરવા ઠંડા પવનોથી રક્ષણ મેળવવું સ્વાસ્થ્ય માટે જરૃરી હોઈ અમલ કરવાની ભલામણ કરી હતી.

### બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં પીળી ચાદર પાથરી હોય એમ રાયડાની ખેતી ખીલી ઉઠી...

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠામાં ડીસા સહિત વિસ્તારમાં ખેતી માં વધારે વાવેતર બટાકાનું થતું હતું પરંતુ બટાકાના ભાવમાં છેલ્લા ગતવર્ષથી મંદીનો માહોલ જોવા મળતાં ખેડૂતો રોકડીયો પાક ગણાતા રાયડાના વાવેતર તરફ વળ્યા છે.

ત્યારે આ વર્ષે મોટાપાયે ખેડૂતોએ રાયડાનું વાવેતર કર્યું છે .હવે કમોસમી માવઠાનું ગ્રહણ હટી જતા ઠંડી નુ જોર વધ્યું છે. જેના કારણે ખેતરો માં રાયડાનો પાક પૂરબહાર ખીલી ઉઠ્યો જેથી ખેતરો માં જાણે પીળી ચાદર પથરાઈ હોવા ના મનમોહક દ્રશ્યો નજરે પડી રહ્યા છે .

આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લા સંવાદદાતા હરેશ જી જોષી નો અહેવાલ પાલનપુર થી જણાવે છે કે બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર વાવ પંથકમાં કેનાલના પાણી થી ખેતી થતી હોઈ ખેડૂતો વારંવાર છેલ્લા ઘણા સમયથી જીરું,દિવેલા અને ઈસબગુલ જેવી ખેતી કરતા હતા.

**ગણપત યુનિ.માં એન્ટરપ્રિન્યોરશીપ વિષયે યોજાયો વેબિનાર**

# જો તમારો જુસ્સો તમારો વ્યવસાય બની જાય તો આ દુનિયામાં કોઈ તમને રોકી શકશે નહીં !

**મિડલ ઈસ્ટના સુખ્યાત ભારતીય બિઝનેશ - લીડર કમલપુરીનું સ્ટાર્ટ-અપ્સના યુવાનોને આહ્વાન**

ગણપત વિદ્યાનગર, તા. ૨૧

ગણપત યુનિવર્સિટી 'સેન્ટર ફોર આંતરપ્રિન્યોરશીપ' દ્વારા ૧૮ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૩ થી ૪ વાગ્યા દરમિયાન 'ધી વર્લ્ડ ઓફ આંતરપ્રિન્યોરશીપ' વેબીનાર સિરિઝના નેજા હેઠળ સુખ્યાત ઉદ્યોગ સાહસિક કમલપુરીની આંતરિક (વ્યાપારી) સૂઝ વિષય પર વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ વેબીનાર શ્રેણી એવા ઉદ્યોગ સાહસિકોની તળેટીથી શિખર સુધીની યાત્રાની ઉજવણી કરે છે. જેઓ 'ચેન્સ મેકર્સ' સિદ્ધ થયા છે અને જેઓ તેમના સંબંધિત ઉદ્યોગોમાં દઢતા સાથે સંઘર્ષ કરી અને પ્રેરણારુપ નેતૃત્વ દ્વારા ભારે મોટા તફાવત સર્જ્યા હતો. જેઓ ઉદ્યોગ સાહસિક બનવાની માનસિકતા ધરાવે છે અને સમાન ધ્યેય હાંસિક કરવા માટે સતત મથામણ કરતા રહી એકબીજા સાથે 'નેટવર્ક' ઊભું કરવા ધારે છે તેવા સ્ટાર્ટ અપ્સ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો માટે સ્થાપિત અને અનુભવી બિઝનેશ-પિપલ પાસેથી ઘણું શીખવાની તક આ વેબીનારે આપી હતી.

'સ્કાઈ - લાઈન ઈન્ટરનેશનલ' ગ્રુપના ચેરમેન એવા સફળ ઉદ્યોગપતિ કમલ પુરી એક દ્દષ્ટિવંત વેપારી ઉપરાંત શિક્ષણશાસ્ત્રી તરીકે પણ ખ્યાતિ ધરાવે છે. એમણે આ વેબીનારમાં સહભાગી બનેલા મહત્ત્વાકાંક્ષી ઉદ્યોગ સાહસિકો સાથે પોતાની અનુભવ - સિદ્ધ દ્દષ્ટિ સાથે 'મિડલ ઈસ્ટમાં બિઝનેશની તકો' વિષે વિગતવાર વોત કરતાં કહ્યું હતું કે સ્ટાર્ટ અપ્સ અને વ્યવસાયના વિસ્તરણ માટે આ એક આદર્શ સ્થળ છે. યુએઈથી અમે બે મિલિયન જેટલાં લોકો સાથે વ્યાવસાયિક સંબંધો બાંધી શકીએ છીએ. અહીંથી આખ્ખો આફ્રિકા ખંડ, દક્ષિણ પૂર્વ એશિયા ખંડ, પૂર્વ યુરોપ જેવા સ્થળો કેવળ ત્રણથી છ કલાકની હવાઈ મુસાફરી સફર કરી પહોંચી શકાય તેટલાં જ અંતરે છે.

યુ એ ઈ સરકાર દ્વારા ભારતને પોતાની સાથે વ્યારી સંબંધો માટે એક 'અનુકુળ રાષ્ટ્ર' તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ૧૦ મિલિયન યુએઈની કલુ વસતીમાં ૩.૩ મિલિયનની જનસંખ્યા ભારતીયોની છે એટલે સ્ટાર્ટ અપ્સ માટે આ દેશોમાં ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ, રિયલ એસ્ટેટ, મેડિ-ટેક, ફિન-ટેક, એગ્રિ-ટેક જેવા નવીનત્તમ ટેકનોલોજીના ક્ષેત્રોમાં વ્યવસાયની પૂરતી તકો છે.

# અરવલ્લી : ૧૮૯ ગામોને નવા મુખિયા મળ્યા - ઠેર ઠેર વિજય સરઘસ નીકળ્યા, કહી ખુશી કહી ગમ, ફરેડી સરપંચ ૨ મતથી વિજેતા

મોડાસા, તા. ૨૧

રાજયભરમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ લોકશાહીના આ પર્વે ગ્રામ્યકક્ષાએ પર્વથી પણ વધુ ઉત્સાહ ઉજવણી જોવા મળી હતી. અરવલ્લીની ૧૮૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ રવિવારે યોજાયેલ મતદાનમાં જિલ્લામાં સરેરાશ ૭૭.૫૦ ટકા મતદાન નોંધાયું હતું. મંગળવારે તાલુકા મથકોએ મત ગણતરી યોજાઈ હતી અરવલ્લી જીલ્લામાં ૧૮૯ ગામોને નવા સરપંચ અને સભ્યો મળ્યા હતા વિજેતા ઉમેદવારો અને ટેકેદારોએ ભવ્ય સરઘસ કાઢ્યા હતા મોડાસાના ફરેડી ગામે સરપંચ પદે ટાઈ પડ્યા પછી રિકાઉંટીંગમાં ૨ મત થી વિજેતા જાહેર થયા હતા.

અરવલ્લી જીલ્લામાં સરપંચ પદ પર વિજેતા બનેલા ઉમેદવારોએ ગામના વિકાસ માટે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું મતગણતરી સ્થળે વહેલી સવાર થી કડકડતી ઠંડીમાં ઉમેદવારો અને ટેકેદારો ઉમટી પડ્યા હતા મતગણતરી શરુ થતા વિજેતા જાહેર થયેલા સરપંચ અને સભ્યપદના ઉમેદવારો અને ટેકેદારો ખુશીથી જુમી ઉઠ્યા હતા હારેલા ઉમેદવારો અને તેમના ટેકેદારોએ એક બીજાને આશ્વાસન આપતા જોવા મળ્યા હતા ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળ્યા હતા મતગણતરી સ્થળે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો

